Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: એકેડેમિક કાઉન્સિલની સભા :-

## -: કાર્યસૂચિ-૨ :-

**તા. : ૦૯/૦૩/૨૦૨૧**

**વાર : મંગળવાર** **સમય : સવારે ૧૧:૩૦ કલાકે**

**(૧૮) સંસ્કૃત વિષયનાં અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી અમલમાં આવનાર એમ.એ સેમે.૨ અને ૪ નાં પ્રશ્નપત્રનું પ્રારૂપ અંગે સંસ્કૃત વિષય તા.૯/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉનિસલને ભલામણ કરેલ છે જે ભલામણ વિચારણા કરવા બાબત.**

**<u>સંસ્કૃત વિષય તા.૯/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી અમલમાં આવનાર સંસ્કૃત વિષયનાં અભ્યાસક્રમ એમ.એ સેમે.૨ અને ૪ નાં પ્રશ્નપત્રનું પ્રારૂપ બનાવવામાં આવ્યુ. અને તે મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.**

**(બિડાણ : ૮)**
**(એકેડેમિક વિભાગ)**

**(૧૯) એકેડમિક સમિતિની તા. ૧૮ / ૧૨ / ૨૦૨૦ની બાબત ક્રમાંક : ૪૯માં નિમણૂંક થયેલ સભ્યોશ્રીઓની સમિતિએ સ્નાતક અને અનુસ્નાતક કોર્ષોમાં દરેક સેમેસ્ટર / વર્ષમાં રી-એસેસમેન્ટનો લાભો આપવા તેમજ ગુણ ચકાસણી અને પુનઃ મૂલ્યાંકનના નિયમો બદલવા અંગેનો અહેવાલ આપેલ છે. જે અહેવાલ પર વિચારણા કરવા બાબત..**

**(બિડાણ : ૯)**
(પરીક્ષા વિભાગ/પુનઃમૂલ્યાંકન)

**(૨૦)** યુનિવર્સિટી ધારાની કલમ ૪૭-એ અન્વયે જુદી જુદી વિદ્યાશાખા હેઠળની (મેડીકલ અને એન્જિનીયરીંગ સિવાય) જુદી જુદી અભ્યાસસમિતિઓની પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ એપ્રિલ/મેં-૨૦૨૧માં લેવાનારી પરીક્ષા માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ એકેડેમિક કાઉન્સિલ મળનાર ન હોવાથી તે મંજૂર કર્યાના કુલપતિશ્રીના પગલાની જાણ થવા બાબત.
(ઉપરોકત ભલામણ યાદીની નકલ સભાના દિવસે રજૂ કરવામાં આવશે. સભા મળી ગયા બાદ તે જ દિવસે ઉપરોકત યાદી યુનિવર્સિટી કાર્યાલયને પરત કરવાની રહેશે.)
(પરીક્ષા વિભાગ/"એ બ્રાન્ચ)

**(૨૧) આર્ટસ્ તથા કોમર્સ વિદ્યાશાખાના ડીનશ્રીઓની સંયુકત સહીથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ પુરતી પરીક્ષાની વર્તમાન વ્યવસ્થામાં ફેરફાર કરવા અંગેના મળેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

**(બિડાણ : ૧૦)**

**(એકેડેમિક વિભાગ)**

**(૨૨)** ૧. યુનિવર્સિટી ધારાની કલમ ૪૭–એ અન્વયે મેડીકલ વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓએ પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ ફેબ્રુઆરી/માર્ચ–૨૦૨૧ માં લેવાયેલી સેકન્ડ અને થર્ડ યર એમ.બી.બી.એસ. પાર્ટ–૧ અને પાર્ટ–૨ ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી

તથા

૨. મેડીકલ વિદ્યાશાખા હેઠળની બી.ફીઝીયોથેરાપીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ માર્ચ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૩. મેડીકલ વિદ્યાશાખા હેઠળની ફોર્થ બી.એસસી નર્સીગ, સેકન્ડ યર પોષ્ટ બેઝીક બી.એસસી. નર્સીગ તથા ફર્સ્ટ યર એમ.એસસી. નર્સીગ(સપ્લીમેન્ટરી પરીક્ષા)ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ માર્ચ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની પેનલ મેડીકલ ફેકલ્ટીના ઈ.ચા. ડીનશ્રી ડો. ચિન્તુ સી. ચૌધરીએ ભલામણ કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૪. મેડીકલ વિદ્યાશાખા હેઠળની ડીપ્લોમાં/એમ.ડી./એમ.એસ. ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ એપ્રિલ–મે–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની પેનલ મેડીકલ ફેકલ્ટીના ઈ.ચા. ડીનશ્રી ડો. ચિન્તું ચૌધરીએ ટેલીફોનીક ભલામણ કરેલ નામોની ભલામણ યાદી.

તથા

૫. હોમીયોપેથીક વિદ્યાશાખા હેઠળની માર્ચ–૨૦૨૧માં લેવાનારી સેકન્ડ યર બી.એચ.એમ.એસ.(રેગ્યુલર અને સપ્લીમેન્ટરી)ની પરીક્ષામાં પ્રાશ્નિકો/પરીક્ષકોની પેનલ હોમીયોપેથી ફેકલ્ટીના ડીનશ્રી ડો. વિપુલ શાસ્ત્રીએ આપેલ પેનલની નામોની કરેલ ભલામણ યાદી.

તથા

૬. આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિની પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ માર્ચ–૨૦૨૧ થી શરૂ થનાર બી.આર્કિટેકચર અને એમ. આર્કિટેકચરની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલ ભલામણ યાદી. (ઉપરોકત ભલામણ યાદીની નકલ સભાના દિવસે રજૂ કરવામાં આવશે, સભા મળી ગયા બાદ તેજ દિવસે ઉપરોકત યાદીને યુનિવર્સિટી કાર્યાલયને પરત કરવાની રહેશે.)

(પરીક્ષા વિભાગ/"એ બ્રાન્ચ)

**(૨૩) ડાભી નિધિ બિમલભાઈની તા.૨૩/૦૨/૨૦૨૧ ની અરજીમાં જણાવ્યાનુસાર, ચાલુ વર્ષે F.Y.B.Com. નું ઓનલાઈન એક્ષટર્નલ પરીક્ષાનું ફોર્મ ભરવા ઈચ્છે છે. તેઓ ૧૨ કોમર્સની પરીક્ષા ગુજરાત બોર્ડથી પાસ કરેલ છે જેમાં તેઓ ફિઝીકલી હેન્ડીકેપ્ડ હોય ઓછા માર્કસ સાથે પાસ જાહેર થયેલ છે. પરંતુ ૧૨ કોમર્સની પરીક્ષામાં ઓછા માર્કસ હોવાથી યુનિવર્સિટીમાં F.Y.B.Com. નું ઓનલાઈન એક્ષટર્નલ પરીક્ષાનું ફોર્મ ભરી શકાતું નથી. સદર બાબતે કોમર્સ ફેકલ્ટીના ડીનશ્રીએ તા.૨૬/૦૨/૨૦૨૧ ના ઈમેઈલ દ્વારા નીચે મુજબ અભિપ્રાય આપેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.**

"Draghi Nidhi Bimalbhai has passed HSC examination under Differently Abled category. In my opinion, the candidate has cleared the qualifying examination, she should be allowed to apply for F.Y.B.Com External program and be admitted in the said program."

**(બિડાણ : ૧૧)**

**(પરીક્ષા વિભાગ/એક્ષટર્નલ યુનિટ)**

**(૨૪) એફ.વાય.બી.એ. સેમેસ્ટર–૧ અને ૨ તથા એક્ષટર્નલ વાર્ષિક પધ્ધતિના અભ્યાસક્રમ બાબતે ચર્ચા કરતા ગુજરાતી વિષયની અભ્યાસમિતિની તા.૨૭/૦૧/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૬ અન્વયે નીચે**

મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>ગુજરાતી વિષયની અભ્યાસમિતિની તા.૨૭/૦૧/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૬</u>**

:: આથી ઠરાવવામા આવે છે કે એફ.વાય.બી.એ. સેમેસ્ટર–૧અને સેમેસ્ટર– ૨ માં Environmental Studies (પર્યાવરણનો અભ્યાસ) **અથવા વિકલ્પે IMLL (ગુજરાતના ભાષા અને સાહિત્ય પર આધુનિકીકરણનો પ્રભાવ) વિષય રાખી શકાય પરંતુ એફ.વાય.બી.એ. <u>સેમેસ્ટર–૧ અને ૨ પૈકી ગમે તે એક સેમેસ્ટરમાં</u> <u>EnvironmentalStudies (પર્યાવરણનો અભ્યાસ) વિષય ફરજિયાત</u>**<u>રાખવાનો રહેશે</u>. આ બાબતની ભલામણ વિનયન વિદ્યાશાખાને કરવામાં આવે છે. આ સાથે સામેલ અભ્યાસક્રમ મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતનો સૈધ્ધાંતિક સ્વીકારી કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**(એકેડેમિક વિભાગ)**

**(૨૫)** ગર્વમેન્ટ મેડીકલ કોલજ, સુરત, સ્મીમેર મેડીકલ કોલેજ,સુરત, જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ, અને વિનોબા ભાવે ઈન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ ઈસ્ટીટુટ ઓફ રિસર્ચ,સેલવાસા**માં** દર વર્ષે એમ.બી.બી.એસની લેવાનાર તમામ પ્રેકટિકલ પરીક્ષામાં વીર નર્મદ સાઉથ ગુજરાતની સંલગ્ન કોલેજનાં તથા યુનિવસિર્ટી કાર્યાલયનાં જે તે ડિર્પામેન્ટમાંથી શિક્ષકોની યુનિવસિર્ટી કાર્યાલય દ્વારા ઓબ્ઝર્વરની તરીકેની નિમણૂંક કરવામાં આવે છે. માટે ઈ.ચા. મા.કુલપતિશ્રીનાં જણાવ્યા મુજબ સદર કોલેજોમાં એમ.બી.બી.એસની લેવાનાર તમામ પ્રેકટિકલ પરીક્ષામાં યુનિવસિર્ટી કાર્યાલય દ્વારા ઓબ્ઝર્વરની તરીકે શિક્ષકોની નિમણૂંક કરવામાં આવતી હોય પરંતુ એમ.બી.બી.એસની લેવાનાર તમામ પ્રેકટિકલ પરીક્ષામાં જે તે વિષયનાં ચેરમનશ્રીની પણ નિમણૂંક કરેલ હોય છે. માટે ઓબ્ઝર્વરની નિમણૂંક કરવી કે કેમ ? માટે આ બાબતે ચર્ચા વિચારણા કરવી.

**(પરીક્ષા વિભાગ/મેડીકલ ફેકલ્ટી)**

**(૨૬)** જે વિદ્યાશાખાઓમાં પ્રોફેશનલ કાઉન્સીલ કે યુ જી શિક્ષકોની જુદી. જી તથા પી. સી દ્વારા યુ.જી. જુદી લઘુત્તમ લાયકાત નિર્ધારિત કરવામાં આવી નથી તે વિદ્યાશાખાઓમાં ઓર્ડિનન્સ109 અંતર્ગત અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ની પ્રવર્તમાન કાર્યવાહી અંગે પુનઃવિચારણા કરવા બાબત.....

નોંધ:

**યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ અધ્યાપકોની લઘુતમ લાયકાત યુ.જી. તથા પી.જી. માટે જુદી જુદી હોતી નથી. જે વ્યકિત અનુસ્નાતક વિભાગમાં નિમણૂંક પામે તે વ્યકિત અનુસ્નાતક વિભાગમાં માત્ર અનુસ્નાતક અભ્યાસ ચાલતો હોઈ આપો આપ અનુસ્નાતકીશિક્ષ બની જાય છે. આજ વ્યકિત જો કોલેજમાં નિમણૂંક પામે તો અનુસ્નાતક શિક્ષક તરીકેની અલગ થી માન્યતા લેવી પડે છે.**

(અનુસ્નાતક વિભાગ)

**(૨૭)** યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જે માર્કશીટ ને આધારે પ્રવેશ મેળવે છે તે માર્કશીટ વાસ્તવમાં જેતે બોર્ડ અથવા યુનિવર્સિટી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ છે કે કેમ તે ચકાસવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત ...

**નોંધ:**

પ્રવર્તમાન વ્યવસ્થા અંતર્ગત પ્રવેશ આપનાર કોલેજ જેતે વિદ્યાર્થી ની અસલ માર્કશીટ ની ચકાસણી કરે છે તેમજ સ્નાતક કક્ષાએ એનરોલમેન્ટ સમયે ધોરણ 12 ની અસલ માર્કશીટ જમા લઇ યુનિવર્સિટી પર મોકલાવી યુનિવર્સિટી ખાતે તે પર એનરોલમેન્ટ થયા અંગેનો સિક્કો મારવામાં આવે છે િદ્યાર્થીઓ જે માર્કશીટો રજૂ કરે તે માર્કશીટો જે તે બોર્ .ડ કે જેતે યુનિવર્સિટી ના કાર્યાલય ના રેકોર્ડ મુજબ બરાબર છે કે કેમ ? તથા વાસ્તવમાં આ માર્કશીટ જેતે બોર્ડ કે યુનિવર્સિટી એજ ઇસ્યુ કરેલી છે કે કેમ ? તેવું વેરિફિકેશન જે તે બોર્ડ કે યુનિવર્સિટી પાસે કરાવવાની વ્યવસ્થા હાલ અમલમાં નથી.

(એકેડેમિક વિભાગ)

**(૨૮) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી અમલમાં આવેલ ગુજરાતી વિષયનાં અભ્યાસક્રમમાં એફ.વાય.બી.એ./બીકોમ. સેમે.–૨ ના અભ્યાસક્રમમાં એફ.વાય.બી.એ (મુખ્ય–ગૌણ) પેપર–૩ અને પેપર–૪ તથા ભાષા–સાહિત્ય કૌશલ–૦૦૨ તેમજ એફ.વાય.બી.કોમ. ગુજરાતી સેમે.–૨ માં ભાષા–સાહિત્ય કૌશલ–૦૦૨ નો અભ્યાસક્રમ સુધારા સાથે બોર્ડના સભ્યોની સંમતિથી બોર્ડવતી બોર્ડનાં ચેબમેનશ્રીએ અને વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા બાબત.**

(એકેડેમિક વિભાગ)
(બિડાણ : ૧૨)

**(૨૯) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર સંસ્કૃત એફ.વાય.બી.એ. સેમે.–૧ અને ૨ ના અભ્યાસક્રમના પ્રારૂપ અંગે યુનિવર્સિટી કાર્યાલયનાં પત્ર ક્રમાંકઃએકે/પરિપત્ર/૯૩૭/૨૦૨૧, તા. ૧૮–૦૧–૨૦૨૧ થી પરિપત્રિ કરવામાં આવેલ જે ચેરમેનશ્રીની વિનંતી અનુસાર તેમણે સંસ્કૃત એફ.વાય.બી.એ. સેમે.–૧ અને ૨ ના અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ ના બદલે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી અમલ કરવા વિનંતી કરેલ જે વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાવતી સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ વિચારણા કરવા બાબત.**

(એકેડેમિક વિભાગ)

(બિડાણ : ૧૩)

**(૩૦) એમ.બી.એ.(ઈવનીંગ) પ્રોગ્રામમાં Eligibility Criteria માં ફેરફાર કરવા બાબતે ચર્ચા કરતા બીઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની તા.૦૬/૦૧/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ મેનેજમેન્ટ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ**

**મેનેજમેન્ટ વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**બીઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની તા.૦૬/૦૧/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર એમ.બી.એ. (ઈવનીંગ)પ્રોગ્રામમાં આ સાથે સામેલ સુધારેલ Eligibility Criteria સ્વીકારી તે મંજૂર કરવા મેનેજમેન્ટ વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.**

**(એકેડેમિક વિભાગ)**
**(બિડાણ:૧૪ )**

(૩૧) **કાનૂન** ફેકલ્ટીનાં **કાનૂન** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ લો, સુરત ના આચાર્યાશ્રી **ર્ડા. ઈરમલા દયાલ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ર્ડા.આનંદ પાલીવાલ,ડીન, મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુર અને (૨).ર્ડા.પરેશ ડોબરીયા, એસો. પ્રોફેસર, વી.ડી. વાઘવાન લો કોલેજ,સુરેન્દ્રનગર ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે જે અવલોકનમાં લઈ BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ર્ડા. ઈરમલા દયાલ** ને **કાનૂન** ફેકલ્ટીના **કાનૂન** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક વિભાગ)**

(૩૨) **સાયન્સ** ફેકલ્ટીનાં **આંકડાશાસ્ત્ર** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા આંકડાશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ર્ડા. પટેલ શિતલ શંકરભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ર્ડા.જી.સી.ભિમાની, હેડ, આંકડાશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને (૨).ર્ડા. સંજય જૈન, એસો. પ્રોફેસર,એસ.પી.સી. સરકારી કોલેજ, અજમેર ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે જે અવલોકનમાં લઈ BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ર્ડા. પટેલ શિતલ શંકરભાઈ** ને **સાયન્સ** ફેકલ્ટીનાં **આંકડાશાસ્ત્ર** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક વિભાગ)**

(૩૩) **એજયુકેશન** ફેકલ્ટીનાં **એજયુકેશન** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણ ના પ્રિન્સિપાલ **ર્ડા.જયેશકુમાર ડી. પટેલ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ર્ડા. દિલીપભાઈ. યુ. પટેલ, એન.એચ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આણંદ અને (૨). ર્ડા.જયપ્રકાશ પંડયા, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદરહું અહેવાલ ધ્યાને લેતા,

(૧) ર્ડા. દિલીપભાઈ. યુ. પટેલ, આણંદ દ્વારા માન્યતા આપવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૧) ડૉ. દિલીપભાઈ. યુ. પટેલ, આણંદ દ્વારા માન્યતા આપવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૨) ડૉ.જયપ્રકાશ પંડયા , અમદાવાદ દ્વારા તેમના અહેવાલમાં પબ્લીકેશન બાબતે નીચે મુજબની નોંધ સાથે ભલામણ કરેલ છે જે ધ્યાને લેતા માન.કુલપતિશ્રી દ્વારા શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી પાસે અભિપ્રાય લેવા જણાવેલ હોય, જે મુજબ ડીનશ્રીએ પબ્લીકેશન બાબતે નીચે મુજબનો અભિપ્રાય આપેલ છે.

નોંધ : Has published articles in journals (university may assess its originality asking original documents in case any doubt).

ડીનશ્રી નો અભિપ્રાય : આ.ડૉ. જયેશભાઈ ડી. પટેલ, કોલેજ ઓફ એજયુકેશન નાની દમણના પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રકાશિત કરેલ આર્ટીકલ રીફર્ડ જર્નલમાં પ્રકાશિત કર્યાની ચકાસણી કરવાના તજજ્ઞ ડૉ. જયપ્રકાશ પંડયાના અહેવાલ ધ્યાને લઈ અરજીકર્તા ડૉ. જયેશભાઈ પટેલ દ્વારા રજૂ કરેલ (૧૦) દશ ઓરીજનલ પબ્લીકેશન નંબર સાથેના છે તેની ચકાસણી કરતા માલમ પડેલ છે. આ.ડૉ. જયેશભાઈ પટેલ દ્વારા ઓર્ડિ.(૧૦૮) ની જોગવાઈ મુજબ આર્ટીકલ રીફર્ડ જર્નલમાં પ્રકાશિત કરેલ હોય નિયમાનુસાર કાર્યવાહી કરવા ભલામણ છે.

ઉપરોક્ત વિગત અવલોકને લઈ ડૉ. જયેશભાઈ ડી. પટેલ દ્વારા રજૂ કરેલ અને શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા આપેલ પબ્લીકેશન સંબંધી અહેવાલ ધ્યાને લઈ અહેવાલ BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ.જયેશકુમાર ડી. પટેલ** ને **એજયુકેશન** ફેકલ્ટીનાં **એજયુકેશન** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

**(૩૪) અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબતો રજૂ થાય તે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૩૨૬૩/૨૦૨૧**
**તા. ૦૫/૦૩/૨૦૨૧**

**ઈ.ચા.કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**